# ધોરણ-૧૨ સાયન્સ પછી શું કરવું જોઇએ ?

ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ આવી ગયું. અત્યારે વાલી અને વિદ્યાર્થી પ્રવેશ શેમાં લેવો અને ક્યાં લેવો તેની વિચારણામાં રાતદિવસ ચિંતન સાથે ચિંતા કરી રહ્યાં છે. કે કેવા અભ્યાસક્રમ પસંદ કરવા જોઇએ ? કેવી સંસ્થામાં પ્રવેશ લેવો જોઇએ ?

અભ્યાસક્રમ પસંદ કરતી વખતે તમારા રસ-રુચિ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. ખુબ જ સારો ગણાતો અભ્યાસક્રમ હોય પણ તે પ્રત્યે તમને સહેજ પણ લગાવ નથી કે રસ નથી તો તમે અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશો,પણ ભવિષ્યમાં સફળ નહીં થઇ શકો. માટે જ રસ ન હોય તેવા વિષયો પસંદ જ ન કરો. સાથે અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે તમારી શક્તિ-આવડત અને કૌશલ્ય તમારી પાસે હોવાં જોઇએ. જેમકે શારીરિક શિક્ષણના શિક્ષક બનવા માગતો વિદ્યાર્થી દુબળો-પાતળો અને સહેજવારમાં થાકી જતો હોય તો તે ક્યાંથી એવો શિક્ષક બની શકશે? ડૉક્ટર બનવા માટે વાઢકાપની ચીડ ન હોવી જોઇએ. હોટેલ મેનેજમેન્ટ કે કુકીગના કોર્સ કરનારને નોનવેજ ફૂડ પ્રત્યે અણગમો ન હોવો જોઇએ. બાધારૂપ બને તેવી કોઇ ચીજ આપણામાં ન હોવી જોઇએ. ડિગ્રી આવી એટલે જગ જિત્યાં તેવું રખે માનતાં, ડિગ્રી તમને વ્યવસાયમાં દાખલ થવાની તક આપે છે, સફળતાની ગેરંટી નથી આપતી. તમારા વિસ્તારમાં ઘણાં ડૉક્ટર હશે. એકના દવાખાને લાઇન લાગે છે અને બીજાના દવાખાને ભાગ્યેજ કોઇ દર્દી જાય છે. ડિગ્રી તો બંને પાસે છે પણ આવું કેમ?

અભ્યાસક્રમની પસંદગી વખતે આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખો. તમે પસંદ કરેલ અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે થનાર તમામ ખર્ચ તમારા વાલી પાસેથી કે અન્ય કોઇ પણ રીતે તમે મેળવી શકો તેમ છો? તમારા વાલી ખર્ચ પહોંચી વળે તેમ ન હોય પણ સગાં દ્બારા કે બેંક લોન દ્બારા એ શક્ય બનશે? કેટલું અને ક્યારે અને કેવી રીતે એ બધાં પાસાંનો પણ વિચાર કરી લેવો જોઇએ. આ ઉપરાંત બીજા સ્રોત દ્બરા નાંણાં ઉભા કર્યા હોય તો અભ્યાસક્રમ પૂર્ણ કરી રહ્યાં પછી તે નાણાં પાછા આપી શકાય અને તમારું ઘર ચલાવી શકો તે મુજબનું આયોજન શક્ય છે?

તમે જે અભ્યાસક્રમ પસંદ કરો તે વિશે ભવિષ્યમાં તમારે જોઇતી મદદ તમને તમારાં કુટુંબ કે સગાં તરફથી મળી શકે તેમ છે? જેમકે એન્જિનીયરનું સંતાન એન્જિનીયર બને કે ડૉક્ટરનું સંતાન ડૉક્ટર બને કે સી.એ. થયેલા કોઇ વ્યક્તિનું સંતાન એકાઉન્ટનો કોઇ અભ્યાસક્રમ પસંદ કરે તો તેને અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી પોતાનું નવું સ્થાન ઊભું કરવામાં મુશ્કેલી ઓછી પડશે. કદાચ તેને તો તૈયાર થાળી પર જ બેસવાનો વારો આવે. જો આવું કાંઇ હોય તો પોતાના વાલીના કે સગાંનાં વ્યવસાયને ધ્યાનમાં રાખીને નવો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવે તો તેમાં કશું જ નુકશાન જવાનું નથી. પણ હા જે તે વ્યવસાય માટે તમને રસ-રુચિ અને શક્તિ હોવાં જોઇએ. નહીં તો તમારાં વડિલોએ કરેલી મહેનત ને તમે બે-પાંચ વર્ષમાં જ ધૂળમાં મેળવી દેશો.

કેટલાક અભ્યાસક્રમનો દસકો હોય છે. હકીકતમાં દસકો નહીં પણ પાંચકો કહેવામાં વાંધો નથી. કારણકે, પાંચ વર્ષમાં જ જેતે અભ્યાસક્રમનું મહત્ત્વ અને માંગ ઘટી જાય છે. આજકાલ ઉચ્ચગણાતા કેટલાક અભ્યાસક્રમની પ્રવેશ માટેની બેઠકોની સંખ્યા વધતી જાય છે. દા.ત. એન્જિનીયરીંગની બેઠકો લગભગ પચાસ હજાર કરતાં પણ વધુ છે. ત્યારે ૪૫ ટકા સાથે પાસ વિદ્યાર્થીને પણ એન્જિનીયરીંગમાં પ્રવેશ મળી જ જાય. આવું અન્ય અભ્યાસક્રમમાં પણ શક્ય બન્યું છે. ત્યારે આવા અભ્યાસક્રમમાં દિનપ્રતિ દિન ફુગાવો વધતો જશે. વિદ્યાર્થી જ્યારે આ કોર્સ પૂરો કરીને બહાર આવશે ત્યારે કેટલાબધા વિદ્યાર્થીઓ એકસાથે આ વ્યવસાયમાં જોડાશે? એટલું જ નહીં તેની આગળના અને પાછળના વર્ષના પાસ થયેલા કે થનાર વિચર્થીની સંખ્યા વિચારો. પછી તે કોર્સ એન્જિનીયરીંગ હોય કે ફાર્મસી હોય કે

અન્ય કોઈપણ હોય. આવા અભ્યાસક્રમના અંતે પાસ થનાર વિદ્યાર્થીની સંખ્યાનો ફૂગાવો કેટલો મોટો હશે ? તમે જોબ કરવા માંગતા હશો તો જોબ મળશે ? જો મળે તો હરીફાઇને કારણે સારા પગારની જોબ મળશે ? જો ધંધો કરવા માંગતા હશો તો ત્યાં પણ હરીફાઇ જ હશે.

તમે કયા અભ્યાસક્રમ સાથે પાસ થયા તે અગત્યનું નથી.પરંતુ તે અભ્યાસક્રમની માંગ કેવી અને કેટલી છે ? તેમાં તમે ઉચ્ચ સ્થાને છો કે નીચે ? જો તમે નીચા સ્થાને હશો તો તમારો કોઇ ભાવ પૂછવાનું નથી. પછી તો તમારે જે ભણ્યા છો તે છોડીને જ્યાંપણ જેવીપણ મળે તેવી નોકરી શોધતા રખડવું પડશે. હકીકતમાં સામાન્ય વિદ્યાર્થીએ પ્રવેશ એવા અભ્યાસક્રમમાં લેવો જોઇએ કે જેમાં હરીફાઇ ઓછી હોય, માંગ ખૂબ જ હોય. જેથી તમને વ્યવસાય કરવામાં કે નોકરી શોધવામાં સહેજ પણ મુશ્કેલી ન પડે.

અત્યારે ભારત પાસે સારા એન્જિનીયર છે, સારા ડોક્ટર છે, તો નોકરી અને ધંધાની શોધમાં રખડતા એન્જિનીયર અને ડોક્ટર પણ છે. ચિંતાજનક અને ચિંતન માંગી લે એવી બાબત એ છે કે, ભારત પાસે સારા શિક્ષકો અને સારા વિજ્ઞાનીઓની સંખ્યા ઘટતી જાય છે. અત્યારની માંગને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓએ આ તરફ પ્રવેશ લઇ પોતાની કારકીર્દી બનાવવા અંગે વિચારવું જોઇએ. ધોરણ બાર પાસ થયા પછી અત્યારે અન્ય કોર્સ કરતાં બી.એસ.સી. થવું વધારે યોગ્ય અને સારું છે. જો તમે હોશિયાર હસો તો સારા વિજ્ઞાની બની શકશો. અને ધારો કે તમે મધ્યમ છો તો સારા શિક્ષક બની શકશો. સાયન્સના શિક્ષકની લાયકાત મેળવ્યા પછી તમને તરત જ નોકરી મળી જશે. કારણ કે અત્યારે સાયન્સના શિક્ષકની જગ્યાઓ ખૂબ જ ખાલી છે, તો સામે તેટલા ઉમેદવાર પણ નથી. તમે નોકરીની સાથે ટયુશન કરશો તો, અન્ય વ્યવસાય કરતાં સારું મેળવી શકશો. શિક્ષકની લાયકાત મેળવ્યા પછી વધુ અભ્યાસ કરશો તો કોલેજમાં પ્રોફેસર બની શકશો. જેમનો પગાર અત્યારે આઇ.એ.એસ. કે આઇ.પી.એસ. કરતાં પણ વધારે છે. આમ શિક્ષણના વ્યવસાયમાં ખૂબ જ કમાણી સાથે ખૂબ જ માનપાન ભર્યો વ્યવસાય છે. તમને આખો સમાજ “સાહેબ” કહીને જ બોલાવશે. વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રેમ કરશે. તમને તમારી જાત માટે ગૌરવ પેદા થશે.

અત્યારે ભારત સરકાર પણ સારા વિજ્ઞાનીઓ અને સારા શિક્ષકો મળે તે માટે ધોરણ બાર પછી ઉચ્ચ લાયકાત ધરાવતા વિદ્યાર્થીને બી.એસ.સી. કરવા માટે પ્રોત્સાહન આપે છે. આ માટે કેન્દ્ર સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ તરફથી એક સ્કીમ છે. જેમાં ભારતના દરેક રાજ્યના માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષામાં સૌથી આગળના એક ટકા વિદ્યાર્થીઓને તેઓ અભ્યાસ કરે ત્યાં સુધી દરવર્ષે રૂપિયા ૮૦,૦૦૦ની સ્કોલરશીપ આપવામાં આવે છે. મિત્રો, વિચારો કે સરકાર સારા વ્યક્તિઓને ચોક્કસ વ્યવસાયમાં ખેચવા માટે કેવા પ્રયત્નો કરે છે ? આ સ્કીમ નીચે આ વર્ષે જ ગુજરાત રાજ્યમાં પાસ થયેલ સૌથી આગળના ક્રમાંકે રહેલ ૫૪૯૮ વિયર્થીઓને બોર્ડ તરફથી સર્ટીફિકેટ આપવામાં આવેલ છે. જો આ વિયર્થીઓ ભ.િએસ.સી.માં પ્રવેશ મેળવે તો તેમને તેઓ અભ્યાસ કરે ત્યાં સુધી દરવર્ષે ૮૦,૦૦૦ રૂપિયા સ્કોલરશીપ મળે. એટલે કે ભણવાનો તેમજ કાવાપીવાનો રહેવાનો ખર્ચ સરકાર આપે ચે તેમ કહી શકાય. ટૂંકમાં પોતાની શક્તિ અને રસરુચિને જાણ્યા વગર આંધરુકિયા કરીને મોટા ગણાતા અભ્યાસક્રમમાં પ્રવેશ લીધા કરતાં અત્યારે બી.એસ.સી. થવામાં ખૂબ જ મોટો ફાયદો દેખાઇ રહ્યો છે. એન્જિનીયર કે ફાર્માસીસ્ટ બનીને પાંચ-સાત હજારની નોકરી માટે રખડવું પડે તેવા દિવસોનો સામનો કરવા કરતાં બી.એસ.સી. થઇને અનેક પ્રકારના વ્યવસાયમાં સરળતાથી દાખલ થઇને શાંતિથી તેમજ પ્રગતિમય જીવન જીવવું વધારે સાનુકૂળ લાગે છે.